**હિમાલયના સૌથી ઊંચા શિખર એવરેસ્ટ પર આરોહણ કરવા ગયેલી ગુજરાતની ટીમના બે સભ્યો છેક 28000 ફૂટ જેટલે પહોંચ્યા અને અકસ્માત થયો. બેમાંથી એક મરણતોલ ઘાયલ થયો. એણે મરતાં મરતાં પોતાનો વારસો એ સાથીને આપ્યો...**

# એવરેસ્ટ-વિજય માટેની એ દોડ ફરોખ દારૂવાળા માટે બની મૃત્યુ-દોડ

## મિત્રઘાતી

રહસ્ય ચક્ર

★ યશવંત મહેતા

માઉન્ટ એવરેસ્ટ, ગૌરીશંકર, જગન્માતા, ચોમોલુંગ્મા- કમસેકમ ચાર નામ છે વિશ્વના એ સર્વોચ્ચ શિખરનાં જેણે માનવીની સાહસિકતાથી સદા પ્રેરી છે, ઉશ્કેરી છે, પડકારી છે. અહીં ચોથું નામ આપ્યું તે તિબેટિયન ભાષાનું છે.

હિમાલયનું એ શિખર હજારો વર્ષ પર્યન્ત અસ્પર્શ્ય રહ્યું. પછી વીસમી સદીના પ્રારંભથી એની ટોચે પ્રથમ પહોંચવાની હોડ શરૂ થઈ. અનેક સાહસકથાઓ રચાઈ. અનેક પ્રાણ ગયા. 1953માં બે વીરલા એની ટોચે પહોંચ્યા. એ પછી વિવિધ દેશો અને ભારતનાં રાજ્યોની ત્યાં પ્રથમ પહોંચવાની સ્પર્ધા શરૂ થઈ.

ગુજરાતમાં એવરેસ્ટ આંદોલનની આગેવાની ફરોખ દારૂવાલાએ લીધી હતી. ફરોખ ગુજરાતના દસ મોટામાં મોટા ગર્ભ શ્રીમંતોમાં એક હતા. એની અગાઉની આઠ દસ પેઢીઓથી નાણું સંચિત થઈ રહ્યું હતું. બે ત્રણ પેઢીના વડવાઓ ઘોડાવાલા કહેવાય, કારણ કે એ કાઠિયાવાડનાં રજવાડાથી માંડીને મરાઠા, નિઝામ અને અંગ્રેજોને પણ ઘોડા વેચતા. પછી, વળી, મલબારથી જથ્થાબંધ લાકડું લાવીને વેચવા માંડ્યું. એથી મલબારી કહેવાયા. એ પછી બે ત્રણ પેઢીએ દારૂ વેચવા માંડ્યા. એટલે દારૂવાળા કહેવાયા. ફરોખના જન્મસમયથી ગુજરાતમાં દારૂબંધી આવી ગઈ. એટલે સંચિત નાણાંના વહીવટ સિવાય કોઈ કામ ન રહ્યું. અલબત્ત, દારૂની એમની પરખને કારણે, એના વેપારની કુનેહને કારણે કેટલાક સત્તાવાળાના સહયોગથી જરૂર દારૂના સોદાગર રહી શક્યા હોત. પરંતુ પારસીઓમાં અપરાધ વડે જીવવાની વૃત્તિવાળાં માનવી જવલ્લે જ પેદા થાય છે.

અચ્છા, ઘણી પેઢીઓની સોદાગરી અને સંપત્તિ સંચયને પરિણામે ફરોખના પરિવાર પાસે એટલું બધું ધન હતું કે એણે કશી ઉપર્જનાત્મક પ્રવૃત્તિ કરવી પડે એમ જ નહોતું. અરે, એ ધનનો વહીવટ કરવામાંથી અવકાશ નહિ મળવાને કારણે ફરોખને કોઈ કન્યાનું સંવનન કરવાનોય અવકાશ રહ્યો નહોતો.

આટલાં વર્ષોમાં નાણાકીય વ્યવસ્થાપનમાંથી થોડોકેય સમય કાઢીને એણે જે એકમાત્ર શોખ કેળવ્યો હતો તે હતો પર્વતારોહણનો શોખ. કોણ જાણે કયા જોગનુજોગ માનવીને અમુક શોખ લાગી જતા હોય છે. એ બધું શોધી કાઢવાનું કામ માનસશાસ્ત્રીઓનું છે. હકીકત એ છે કે દારૂવાલાને પણ એમ જ વય:સંધિકાએ પર્વતારોહણનો શોખ લાગ્યો.

પૈસા તો એની પાસે હતા જ. એ સાથે શોખનું સંમિશ્રણ થયું. એટલે એની આજુબાજુ પર્વતારોહણના રસિયાઓનું એક જૂથ આવી ગયું. એ લોકોએ પોતાના સંગઠનને ગુજરાત પર્વતારોહણ અભિયાન એવું નામ આપ્યું. પહેલાં એમણે ગુજરાતના નાનામોટા પર્વતોના આરોહણની તાલીમ લીધી. જુદા જુદા પર્વતો પર જુદી જુદી દિશાએથી આરોહણ કરવાના પ્રયોગો કર્યા. પછી જે પર્વત ભણી આખી દુનિયાની નજર છે તે હિમાલય તરફ તેઓ વળ્યા. દર વર્ષે હિમાલયના એકાદ શિખર પર આરોહણનો સિલસિલો ચાલ્યો. ત્રિશૂલ, કૈલાસ, નંગા પરબત વગેરે 20-22-25 હજાર ફૂટ ઊંચા પર્વતો પર સફળ આરોહણ કરીને ગુજરાતના છાપાંઓમાં નામના મેળવી. બધી વેળા એમનો નેતા હતો ફરોખ દારૂવાલા.

આમ, એ ગુજરાતનો પ્રથમ ક્રમનો પર્વતારોહી બની ગયો હતો ત્યારે જ એક વૈશ્વિક સંસ્થાને સૌથી ઝડપી એવરેસ્ટ આરોહણની સ્પર્ધા જાહેર કરી. ફરોખના જૂથે આ સ્પર્ધામાં ઝુકાવ્યું પણ... પણ... એવરેસ્ટ-વિજય માટેની એ હોડ, એ દોડ ફરોખ માટે મૃત્યુ દોડ સાબિત થઈ. હા, એવરેસ્ટ-આરોહણ દરમિયાન જ દરિયાની સપાટીથી આશરે 28000 ફૂટ ઊંચે બે શિખરો વચ્ચેની કંદરામાં એ ગબડી પડ્યો. એનાં એકથી વધુ હાડકાં ભાંગી ગયાં. એ ઊંચાઈએ એના એકના એક સાથી જગદીશ દેસાઈએ જીવને જોખમે અને ભીમસેની તાકાત વડે એને એ કંદરામાંથી તો કાઢ્યો. એમના એ લેવલના તંબૂ (કેમ્પ) સુધી તો પહોંચાડ્યો. પરંતુ ફરોખની ઈજાઓ જીવલેણ હતી. એ ઊંચાઈએ જ્યાં માણસ પોતાનું અને પોતાના ઓક્સીજન સિલીન્ડરનું વજન ઊંચકીને માંડ થોડાં ડગલાં ચાલી શકે ત્યાં જીવલેણ ઈજાઓ પામેલા ફરોખને તો કેમ જ ઊંચકી શકાય? જગદીશે નીચેના કેમ્પ સુધી ઊતરીને જણાવ્યું કે આમ છતાં હું એને ઊંચકીને કે ઘસડીને નીચે લાવવા તત્પર હતો. પરંતુ ફરોખે પોતે જ સર હર્બર્ટ સ્કોટની જેમ, કહી દીધું કે મારી ઈજાઓ જીવલેણ છે. નીચે ઊતરીનેય હું કાંઈ જીવવાનો નથી. માટે મને મારા પ્રિય હિમાલયની ગોદમાં ચિર નિંદ્રામાં પોઢવા દે. તું નીચે ઊતરી જા. ફરી પાછો આવજે. ફરી પાછો એવરેસ્ટ-આરોહણનો પ્રયાસ કરજે, અને જ્યારે આ ઊંચે શિખરે ગુજરાતનો વાવટો ફરકાવે ત્યારે મન યાદ કરજે.

આ આખીય રોમાંચકારી ઘટના ફરોખ દારૂવાલાની શોકસભામાં જગદીશ દેસાઈ કહી રહ્યો હતો અને અમદાવાદમાં પણ પર્વતારોહણમાં નથી આ શહીદીમાં રસ ધરાવતા ત્રણેક હજાર શ્રોતાઓ સાંભળી રહ્યા હતા. ફરોખના અવસાનને રાજ્યે શહીદીનું ગૌરવ આપીને 'ગુજરાત રત્ન'નો મરણોત્તર ખિતાબ જાહેર કર્યો હતો.



**માત્ર એક વ્યકિતને જગદીશની ઊર્મિલતા સ્પર્શી નહિ. એ વ્યકિતનું નામ અજય વર્મા. બધા શ્રોતાઓની જેમ એ ઉભો થયો, પરંતુ એણે કશા પોકાર પાડ્યા નહિ. એ તો પોતાની સાથીદાર રાધિકા ચેટરજીનો હાથ ઝાલીને એને સભાગૃહની બહાર ખેંચવા લાગ્યો**

ગુજરાત પર્વતારોહણ અભિયાન અને ફરોખ તથા જગદીશ દેસાઈના આ કરૂણ સાહસના અંતિમ તબક્કા સુધી આવતા તો જગદીશ એટલો બધો ઊર્મિવશ બની ગયો કે પોતાના આંસુઓને ખાળવા માટે એણે ભરચક કોશિશો કરવી પડતી હતી. એ ભીને સાદે વાત કહેતો ગયો.

'ફરોખ મારો મિત્ર, માર્ગદર્શક અને મદદગાર હતો. ફરોખ મારા જિગરનો ટુકડો હતો. ફરોખને મેં છાતી ફાડીને પ્રેમ કર્યો હતો. એને મૂકીને નીચે ઊતરી જવાનો પ્રસ્તાવ હું કેમ કરીને માની શકું? મેં તો એને મારા ખભા પર ઊંચકીને નીચે ઉતારવાનો આગ્રહ જારી જ રાખ્યો. આખરે એ બોલ્યો કે જગદીશ, ધારો કે નીચે ઉતર્યા પછી પણ હું મરી જ ગયો તો? તો તું શું કરીશ? તારી જીવલેણ મહેનત બેકાર જ જશે ને!'

મેં કહ્યું કે,'તને કશુંય નહિ થાય, પરંતુ એણે તો જીદ જારી રાખી. હું કહું કે તને કાંઈ નહિ થાય, અને એ કહે કે આ ઈજાઓ જીવલેણ છે. હું થોડી ઘડીનો મહેમાન છું. અચાનક એ બોલ્યો કે તારી ફાઉન્ટન પેન કાઢ અને કાગળ કાઢ અને હું લખાવું તેમ લખવા માંડ. આમ કરીને એણે ટૂંકમાં પોતાનું વસિયતનામું લખાવ્યું. જુઓ, આ રહ્યું મારા ગજવામાં. એ મહાન માનવીનું વસિયતનામું! મરતી વેળા પણ એની મિત્રો તરફ અને જીવનધ્યેય તરફ કેટલી બધી નિષ્ઠા છે.

'સાંભળો. હું ફરોખ દારૂવાલા, જીવલેણ રીતે ઘાયલ થઈને એવરેસ્ટ પર 28000 ફૂટની ઊંચાઈ પર પડ્યો છું. મારી બચવાની આશા નથી. મારો દોસ્ત જગદીશ દેસાઈ પોતાને જીવને જોખમે મને નીચે લઈ જવા આતુર છે. પણ મને ખાતરી છે કે મારું મોત નક્કી છે. માટે પૂરા સાનભાનમાં, શુધ્ધ બુધ્ધિથી હું મારું આ વસિયતનામું લખાવું છું. મારી ઈચ્છા છે કે મારી તમામ મિલકત મારા મિત્ર અને સાથી જગદીશ દેસાઈને મળે. એ મિલકતમાંથી એમણે ગુજરાત પર્વતારોહણ અભિયાનનો નિભાવ કરવાનો રહેશે. બાકી, સમગ્ર મિલકતનો એ ઈચ્છે તે ઉપયોગ કરી શકે છે. બસ. આ કાગળ નીચે મારા મિત્રે માંડ માંડ સહી કરી છે! ફરોખ દારૂવાલા! મારા અમર દોસ્ત! મારું તને વચન છે કે તેં ગુજરાતમાં પર્વતારોહણની પ્રવૃત્તિની જે જ્યોત ઝગાવી છે તેને મારા પ્રાણાન્તે પણ જલતી રાખીશ! મારું તને વચન છે કે જે કોઈ ગુજરાતી એવરેસ્ટ સર કરશે તેને તારા નામનો મોટો પુરસ્કાર અપાશે. બોલો ગુજરાતનો જય! ફરોખ દારૂવાલા અમર રહો! સમગ્ર શ્રોતા સમુદાય એ ઘડીએ ઊભો થઈ ગયો. ગુજરાતનો જય પોકારી રહ્યો. ફરોખના આત્માના અમરત્વની દુઆ દઈ રહ્યો. માત્ર એક વ્યકિતને જગદીશની ઊર્મિલતા સ્પર્શી નહિ. એ વ્યકિતનું નામ અજય વર્મા. પ્રાઈવેટ ડિટેક્ટીવ. બધા શ્રોતાઓની જેમ એ ઉભો થયો, પરંતુ એણે કશા પોકાર પાડ્યા નહિ. એ તો પોતાની સાથીદાર રાધિકા ચેટરજીનો હાથ ઝાલીને એને સભાગૃહની બહાર ખેંચવા લાગ્યો. એ બોલ્યો, 'આ તો મારો બેટો જગદીશ કલાકાર છે! મિત્રઘાતી! એક તો એણે ફરોખનું ખૂન કર્યું છે અને પાછો વાતો કેવી બનાવે છે? ચાલ, દિનકરને કહીએ કે એની ધરપકડ કરી લે. નાલાયકનું વસિયતનામું બનાવટી છે! પોલીસવાળા જરાક પંચમ તત્વ બતાવશે એટલે એ સાચું બોલી જશે.'

**(વાચક મિત્રો! સાચું શું છે, એ તમે સમજી ગયાં. અજય શા માટે કહે છે કે વસિયતનામું બનાવટી છે? વિચારો. દરમિયાન ગત રહસ્યકથાનો ઉકેલ વાંચીએ.)**

### રહસ્યકથા 'હિરણ્યાની હત્યા'નો ઉકેલ

અજયની સૂચનાથી દિનકરે રાધિકાએ લખેલી વિગતો જોઇ. થોડી વાર દાઢી ખજવાળી. પછી માથું ધુણાવ્યું. 'મને તો હરજી જ ખૂની લાગે છે.' 'પણ એ ખૂની નથી. ભાઇ!' અજયે કહ્યું. 'ખૂની આ ડ્રાઇવર દેવેન્દ્ર છે. હિરણ્યાના પિતાજી પરની તારી શંકા બેબુનિયાદ હતી. અને ઘરઘાટી ભોળો હરજી જૂઠો નથી. વળી, એણે હિરણ્યાનું ગળું દબાવી દીધું હોય એ શક્ય નથી. એ હિરણ્યા કરતાં નીચો છે. ઓછા વજનવાળો છે. હિરણ્યાની ગરદન પર ઉઝરડો કે ઘા નથી. જો હરજીના નખવાળા હાથ વપરાયા હોત તો ગરદન પર ઘા હોત. વળી જો એના નખ આટલી ભયંકર ભીંસ માટે વપરાયા હોત તો જરાક તો નંદવાઇ ગયા હોત... ખૂની દેવેન્દ્ર છે.'